अभ्यास 4 : कृदन्तपदानि

संबंधक भूतकृदंत अने हेत्वर्थ कृदंत

(1) संबंधक भूतकृदंत

અધોલિખિત વાક્યોને ધ્યાનથી વાંચો :

(1) विनीता भोजनं कृत्वा विद्यालयं गच्छति ।

(1) विनीता भोजनं करोति, ततः विद्यालयं गच्छति ।

(2) छात्राः सरस्वतीं स्मृत्वा पुराणं पठन्ति ।

(2) छात्राः सरस्वतीं स्मरन्ति तत्पश्चात् पुराणं पठन्ति ।

(3) भक्तः मन्दिरं गत्वा ईश्वरं भजति ।

(3) भक्तः मन्दिरं गच्छति, अनन्तरम् ईश्वरं भजति ।

ઉપર બે-બે પ્રકારનાં વાક્યો એકી સાથે આપ્યાં છે. તે વાક્યોમાં જે રેખાંકિત પદો છે, તે બધાં ક્રિયાપદો છે. તમે જોઈ શકો છો કે દરેક વાક્યમાં બે-બે ક્રિયાપદો છે. વળી, એક વાક્ય જે અર્થ આપી રહ્યું છે, તે જ અર્થ આપવા માટે બીજું વાક્ય વપરાયું છે. વક્તા ધારે તો એક વાક્યના બદલામાં એવો ને એવો જ અર્થ કહેવા માટે બીજું વાક્ય વાપરી શકે છે. આવા પ્રકારના વાક્યના સંદર્ભે ચાર બાબતો યાદ રાખવા જેવી છે. જેમકે,

(1) જે પહેલું ક્રિયાપદ છે, તે ગૌણ ક્રિયા હોય છે અને બીજું ક્રિયાપદ છે, તે મુખ્ય ક્રિયા હોય છે.

(2) બંને ક્રિયાઓનો કર્તા એક જ હોય છે.

(3) મુખ્ય ક્રિયા થતાં પહેલાં જ ગૌણ ક્રિયા થઈ જતી હોય છે અને આથી તે ગૌણ ક્રિયા હમેશાં ભૂતકાળની હોય છે.

આવી વિશેષતા ધરાવતા વાક્યમાં (પૂર્વક્રિયા કે) ગૌણ ક્રિયા માટે સંસ્કૃતમાં (એક તરફ करोति જેવું તિડન્તપદ–ક્રિયાપદ વાપરી શકાય છે, તો બીજી બાજુ) ધાતુની સાથે क्त्वा > त्वा પ્રત્યય જોડાય છે. આ क्त्वा પ્રત્યય જોડીને જે પદો બને છે, તેમને સંબંધક ભૂતકૃદંત તરીકે ઓળખવામાં આવે છે.

નીચેનાં કેટલાંક સંબંધક ભૂતકૃદન્તનાં રૂપો જુઓ :

(1) कृ + क्त्वा > त्वा = कृत्वा ।

(2) भू + क्त्वा > त्वा = भूत्वा ।

(3) पा + क्त्वा > त्वा = पीत्वा ।

(4) खाद् + क्त्वा > त्वा = खादित्वा ।

(5) गम् + क्त्वा > त्वा = गत्वा ।

(6) दा + क्त्वा > त्वा = दत्वा ।

ઉપરનાં રૂપો જોતાં જણાય છે કે (1) કેટલાંક પદોમાં મૂળ ધાતુને સીધો क्त्वा > त्वा જોડાય છે. જેમકે, कृ + क्त्वा > त्वा = कृत्वा । (2) ક્યારેક આ क्त्वा > त्वा પ્રત્યયની પહેલાં इ એવો ધ્વનિ ઉમેરાય છે. જેમકે, खाद् + क्त्वा > त्वा = खादित्वा । અને (3) ક્યારેક ધાતુના મૂળ રૂપમાં થોડું પરિવર્તન પણ થાય છે. જેમકે, पा + क्त्वा > त्वा = पीत्वा । गम् + क्त्वा > त्वा = गत्वा વગેરે.

આ ઉપરાંત આવાં રૂપો માટે એક ખાસ વાત ધ્યાન રાખવાની છે. તે એ કે જ્યારે કોઈ ધાતુ ઉપસર્ગ સાથેનો હોય છે, ત્યારે તે ધાતુની સાથે જોડાયેલા આ क्त्वाને બદલે य મુકાય છે. જેમકે -

(1) अनु + भू + क्त्वा > य = अनुभूय ।

(2) वि + कृ + क्त्वा > य = विकृत्य ।

(3) आ + गम् + क्त्वा > य = आगत्य, आगम्य ।

ઉપરનાં રૂપો જોતાં જણાય છે કે (1) ઉપસર્ગ સાથેના ધાતુથી જોડાતા क्त्वा > य પ્રત્યયનાં રૂપોમાં મુખ્યત્વે ધાતુનું મૂળ સ્વરૂપ જળવાઈ રહે છે. (2) અલબત્ત, જ્યાં ધાતુનો અંતિમ વર્ણ સ્વર હોય અને તે હ્રસ્વ હોય, તો ત્યાં ધાતુ અને क्त्वा પ્રત્યયની વચ્ચે त् ધ્વનિ ઉમેરાય છે. જેમકે, आ + गम् + क्त्वा > य, गम् त् य = आगत्य । आ + गम् + क्त्वा > य = आगम्य ।

આગળના પાઠોમાં જ્યાં આ પ્રકારનાં પદો વપરાયાં હોય તેમાં ઉપરનો કયો નિયમ ઘટે છે, તે તપાસો અને આ પ્રકારનાં બીજાં રૂપો શીખો.

(2) હેત્વર્થ કૃદંત

અધોલિખિત વાક્યોને ધ્યાનથી વાંચો :

(1) छात्राः पठनाय विद्यालयं गच्छन्ति ।

(1) छात्राः पठितुं विद्यालयं गच्छन्ति ।

(2) अशोकः दानाय फलं नयति ।

(2) अशोकः दातुं फलं नयति ।

(3) प्रेक्षकः हसनाय नाटकं पश्यति ।

(3) प्रेक्षकः हसितुं नाटकं पश्यति ।

અહીં જે બે-બે પ્રકારનાં વાક્યો એકીસાથે આપ્યાં છે, તે વાક્યોમાં રેખાંકિત પદો ક્રિયાપદો છે. ઉપરનાં વાક્યોની જેમ આ બધાં વાક્યોમાં પણ બે-બે ક્રિયાપદો છે. વળી, બંને વાક્યોનો અર્થ સરખો છે. એટલે વક્તા ધારે તો એક વાક્યને બદલે બીજું વાક્ય વાપરી શકે છે. આવા પ્રકારના વાક્યના સંદર્ભે ત્રણ બાબતો યાદ રાખવા જેવી છે. જેમકે,

(1) પહેલું ક્રિયાપદ ગૌણ ક્રિયા હોય છે અને બીજું ક્રિયાપદ મુખ્ય ક્રિયા હોય છે.

(2) ગૌણ ક્રિયા મુખ્ય ક્રિયાનો હેતુ (= કારણ અથવા પ્રયોજન) હોય છે.

(3) ગૌણ ક્રિયા અને મુખ્ય ક્રિયા બંનેનો કર્તા એક જ હોય છે.

આવી વિશેષતા ધરાવતા વાક્યમાં ગૌણ ક્રિયાને કહેવા માટે બે રીત છે. જેમકે, (1) પઠન, દાન, હસન જેવાં ક્રિયાવાચક નામોને ચતુર્થી વિભક્તિ યોજીને અને (2) જે-તે ક્રિયાના વાચક ધાતુ (જેમકે, પઠ્, દા, હસ્ વગેરે)ની સાથે तुमुन् > तुम् પ્રત્યય ઉમેરીને. तुम् પ્રત્યય ઉમેરીને જે પદ બને છે, તેને હેત્વર્થ કૃદંત તરીકે ઓળખવામાં આવે છે. નીચેનાં કેટલાંક હેત્વર્થ કૃદંતનાં પદ જુઓ :

(1) पा + तुमुन् > तुम् = पातुम् ।

(2) दा + तुमुन् > तुम् = दातुम् ।

(3) भू + तुमुन् > तुम् = भवितुम् ।

(4) खाद् + तुमुन् > तुम् = खादितुम् ।

(5) कृ + तुमुन् > तुम् = कर्तुम् ।

(6) गम् + तुमुन् > तुम् = गन्तुम् ।

ઉપરનાં પદો જોતાં જણાય છે કે (1) કેટલાંક પદોમાં મૂળ ધાતુને સીધો तुमुन् > तुम् જોડાયો છે. જેમકે, (1) पा + तुमुन् > तुम् = पातुम् । (2) ક્યારેક આ तुमुन् > तुम् પ્રત્યયની આગળ इ ઉમેરાયો છે. જેમકે, खाद् + तुमुन् > तुम् = खादितुम् । અને (3) ક્યારેક ધાતુના મૂળ રૂપમાં થોડું પરિવર્તન પણ થાય છે. જેમકે, कृ + तुमुन् > तुम् = कर्तुम् । गम् + तुमुन् > तुम् = गन्तुम् । વગેરે.

ઉપસર્ગ સાથેના ધાતુની સાથે જ્યારે આ तुमुन् > तुम् જોડાય છે, ત્યારે કોઈ પરિવર્તન થતું નથી. જેમ કે,

(1) अनु + भू + तुमुन् > तुम् = अनुभवितुम् ।

(2) वि + कृ + तुमुन् > तुम् = विकर्तुम् ।

(3) आ + गम् + तुमुन् > तुम् = आगन्तुम् ।

આગળના પાઠોમાં જ્યાં આ પ્રકારનાં પદો વપરાયાં હોય, તેમાં ઉપરનો કયો નિયમ ઘટે છે, તે તપાસો અને આ પ્રકારનાં બીજાં રૂપો શીખો.

विशेष : ઉપર્યુક્ત બંને પ્રકારનાં સંબંધક ભૂતકૃદંત અને હેત્વર્થ કૃદંત પદો અવ્યય હોય છે. તેથી તે જ્યાં પણ વપરાય છે, ત્યાં તેમનું રૂપ એકસરખું જ રહે છે.

स्वाध्याय

1. अधोलिखितानां कृदन्तपदानां प्रकारं लिखत ।

(1) गत्वा (2) पातुम् (3) रक्षितुम् (4) समागत्य

2. अधोलिखितेषु पदेषु संबंधकभूतकृदन्तपदानां चयनं कुरुत ।

(1) अवलोक्य (2) ज्ञातुम् (3) भूत्वा (4) विहस्य

(5) पराजेतुम्

3. निम्नलिखितानां कृदन्तानां प्रत्ययनिर्देशपूर्वकं प्रकारं लिखत ।

(1) क्षन्तुम् (2) विहाय (3) परित्यज्य (4) गन्तुम्

(5) उपसृत्य (6) गृहीत्वा

4. कोष्टकात् योग्यं पदं चित्वा रेखांकितं पदं परिवर्त्य वाक्यं पुनः लिखत ।

(प्रविश्य, पानाय, आगन्तुम्, अनुभूय, पठितुम्, भूत्वा)

(1) सिद्धार्थः दुःखम् अनुभवति, संसारं परित्यजति ।

(2) मृगः जलं पातुम् इतः ततः धावति ।

(3) त्रीशा पठनाय विद्यालयं गच्छति ।

(4) शिशवः गृहम् आगमनाय यतन्ते ।

(5) शृगालः गुहां प्रविशति, शयनं करोति ।

5. अधोलिखितानां पदानां स्थाने योग्यं कृदन्तपदं लिखत ।

(1) पानाय .....

(2) गमनाय .....

(3) दर्शनाय .....

(4) पठनाय .....

(5) लेखनाय .....